ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegrams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

**(NAAC Accredited B++)**
**www.gujaratuniversity.org.in**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

નં. પરીક્ષા/૫૧૫૯૨/૨૦૧૮ તા. ૩-૧૦-૨૦૧૮

પરિપત્ર નં. : ૧૪૭

માન. કુલપતિશ્રીના આદેશ અનુસાર (તા. ૨૩-૭-૨૦૧૮) મુજબ વિદ્યાર્થી દ્વારા ડુપ્લિકેટ માર્કશીટ માટે અરજી કરે ત્યારે તેણે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે પૂર્ણ કર્યા બાદ જ ડુપ્લિકેટ માર્કશીટ, માર્કશીટ વિભાગ દ્વારા આપવાની થશે.

* અરજદારે સરકારે માન્ય કરેલ કોઈપણ ફોટો I.D. પુરાવો રજૂ કરવાનો રહેશે. તથા અરજદાર દ્વારા માર્કશીટ ખોવાઈ ગયેલ છે તે પ્રકારનું રૂ. ૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર એફિડેવિટ અથવા તો જો આ બાબતની પોલીસ ફરિયાદ કરેલ હોય તો તેની નકલ ડુપ્લિકેટ માર્કશીટની ફી ભર્યાની રસીદ સાથે રજૂ કરવાની રહેશે, જે રજૂ કર્યા બાદ જ ડુપ્લિકેટ માર્કશીટ આપવામાં આવશે.
* નુકશાન થયેલ અથવા ફાટી ગયેલ માર્કશીટના કિસ્સામાં અરજદાર મૂળ માર્કશીટ, ડુપ્લિકેટ માર્કશીટની રસીદ સાથે રજૂ કર્યા બાદ જ ડુપ્લિકેટ માર્કશીટ મળશે.
* એક્સ્ટર્નલ વિભાગ દ્વારા પોસ્ટથી મોકલેલ માર્કશીટના કિસ્સામાં વિદ્યાર્થીને માર્કશીટ ન મળેલ હોય તો એક્સ્ટર્નલ વિભાગ દ્વારા ડુપ્લિકેટ માર્કશીટના ફોર્મમાં માર્કશીટ પોસ્ટથી મોકલેલ છે. તેની વિગત સાથે એન્ડોર્સ કરી આપ્યા બાદ જ ડુપ્લિકેટ માર્કશીટની અરજી કરી શકશે.
* વિદ્યાર્થી દ્વારા ડુપ્લીકેટ માર્કશીટની ફી ભર્યાની પહોંચ રજૂ કર્યા બાદ જ નિયત કરેલ સમય બાદ ડુપ્લીકેટ માર્કશીટ મળશે. પહોંચ વગર ડુપ્લીકેટ માર્કશીટ મળશે નહિં.

કા. કુલસચિવ